સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

વાતચીતના વલોણે વલોવાય છે પાણી !
સુરક્ષા - સાવચેતીથી ડહોળાય છે પાણી !
ચડાવાય છે પાણી નિવેદની તલવારે -
વિશ્વમાં પણ આબરૂનું ઢોળાવ છે પાણી...

હાઈકુ

ધરતા નથી !
હવે બહેરા કાન -
સંઘની વાત...

છાંટે છે મીઠું -
તોમરની તુમાખી -
દુઝતા ઘાવે

ચિંતન

ધર્મસ્તમનુગચ્છતિ ।

ઉપરોક્ત સૂત્ર જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

ધર્મ એટલે પુણ્ય તેને સ્વર્ગ અને મોક્ષ અપાવે છે. માણસના મૃત્યુ પછી સૌ સગાં, મિત્રો, પત્ની વગેરે સ્મશાનમાંથી મોં ફેરવીને ચાલ્યાં જાય છે. જ્યારે તેણે આચરેલો ધર્મ અને તેણે કમાયેલું પુણ્ય એ જ મૃત્યુ પછી તેની પાછળ જાય છે. આમ જીવનમાં અને મૃત્યુ પછી પણ સાથે રહેનાર ધર્મ (પુણ્ય) એ જ શ્રેષ્ઠ મિત્ર છે.

જીવનને સફળ બનાવવા માટે મનુષ્યે પુત્રને મોટો લાભ માનવો, પત્નીને મોટું સુખ માનવું, સૌથી મોટા મિત્ર ધર્મને (એટલે કે ફરજને) આચરવો અને અસત્ય જેવા પાપથી દૂર રહેવાનો સંદેશ અપાયો છે.

સુવિચાર

- જૈસે ભી ગુજરતી હૈ જિંદગી ગુજાર લીજીએ...
  અબ યે કોઈ મહેફિલ તો નહીં કી હર વક્ત મજા હી દે.. - **હસરત મોહાની**
- સમય અને જિંદગી રિપીટ નથી થતી પરંતુ અપડેટ હંમેશા થાય છે
  માટે નવું નવું શીખતાં જ રહો - **એસ ભટ્ટાચાર્ય**
- સત્ય સાદુ અને સરળ હોય છે, જુઠ્ઠાણું ચતુર પણ અપ્રમાણિક છે,
  તે વિનાશનું કારણ છે - **ઋગ્વેદ**
- જો તમે લંગડાની સાથે રહેશો તો તમે પોતે પણ લંગડાતા લંગડાતા ચાલવા લાગશો - **લેટિન કહેવત**
- જે ઈતિહાસ ભૂલવાનું કહે છે એને ઈતિહાસ ભૂલી જાય છે - **જીવન પાથેય**
- પરિસ્થિતિ જેટલી પડકાર જનક હશે તકો એટલી જ ઉત્તમ હશે - **ડો. મૃગેશ વૈષ્ણવ**
- આજનું ઔષધ : અસિન્દ્રા (આપટા) ના પાનની પેસ્ટ જાખમ ઉપર લેપ કરવાથી ઘા ઝડપથી રુઝાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક રાજા શતરંજનો પાકો ખેલાડી હતો. સાથે બુદ્ધિશાળી પણ હતો. એને અભિમાન આવ્યું કે મારા જેવો કોઈ શતરંજનો ખેલાડી હશે જ નહીં. એણે ઢંઢેરો પીટાવ્યો કે 'જે કોઈ શતરંજમાં મારી જેવી રમત બતાવશે અથવા મને હટાવશે એને હું મારી સંપત્તિનો દસમો ભાગ ઈનામમાં આપીશ. અને જો મને એમ લાગશે કે આ મારી સાથે રમવાને લાયક જ નથી તો હું એનું માથું કપાવી નાખીશ.' રાજાની સંપત્તિનો દસમો ભાગ મેળવવા ઘણા લોકોએ જોખમ લીધું. રાજયના બુદ્ધિજીવીઓ, મૂરખાઓ, પંડિતો સૌએ રાજા સામે રમવાનો પ્રયાસ કર્યો પણ કોઈ રાજાની ચતુરાઈ સામે ટકી ખ્યું નહીં. અંતે ઘણાએ જાનથી હાથ ધોવાનો વારો આવ્યો. આ બાજુ રાજાને અભિમાન વધતું ચાલ્યું કે 'હું અજેય છું' એક ભિખારી રાજાને મળવા પહોંચ્યો અને શતરંજ રમવાની દરખાસ્ત મૂકી. રાજાએ કહ્યું, 'ઓ ભિખારી, તમે કેમ એવું લાગે છે કે તું મારી સાથે શતરંજ રમવાને લાયક છે? તને તો જોઈને જ મને થાય છે કે તું પાગલ, ઘનચક્કર છે.' એવું કહીને સૈનિકને ઈશારો કરીને સૂચના આપી કે આને અહીંથી લઈ જાઓ. અને આનું માથું વાઢી નાખો.' ભિખારીએ કહ્યું 'હું તમારા કરતાં ચઢિયાતો છું કારણ કે હું તમને તમે જે કરવા જઈ રહ્યા છો તેને માટે માફ કરું છું.... શું આપ આવું કરવા સક્ષમ છો? હું જે કરી શકું તે તમે કરી શકો?' રાજા વિચારમાં પડ્યો. એને થયું કે જો હું આને મારવાનો આદેશ આપું તો ભિખારી મને માફ કરીને મારાથી ચઢિયાતો સાબિત થશે, અને હું જો એને ન મારું તો તેની ચતુરાઈને કારણે તે મારાથી ચઢિયાતો સાબિત થાય. એક પણ પ્યાદું હલાવ્યા વગર રાજાને પોતાની હારનો અહેસાસ થયો રાજાએ પૂછ્યું, 'તેં મને રમ્યા વગર કેવી રીતે હરાવ્યો ?' ભિખારીએ કહ્યું, 'વર્ષોથી તમે તમારી પ્રતિષ્ઠા ગુમાવી ચૂક્યા છો તમે અન્યાયી છો તમે નિષ્ઠુર છો, ઘમંડી છો.' રાજાને પોતાના માટે ધિક્કાર થયો. એણે પશ્ચાતાપમાં રાજય છોડ્યું અને આ ચતુર ભિખારીને રાજા બનાવ્યો.

પાકિસ્તાનમાં હિંદુ મંદિરોની સલામતીની આશા નિરર્થક

તંત્રીસ્થાનેથી...

ધર્મના નામ પર જુદા પડેલા પાકિસ્તાનમાં છેક વિભાજન કાળથી જ હિંદુ લઘુમતી સમાજ ત્રાસદાયક સ્થિતિમાં ધકેલાઈ ગયેલો છે. અહિંસાના પૂજારી મહાત્મા ગાંધી વધુ જીવ્યા હોત તો એ પાકિસ્તાન જવા માગતા હતા. હિંદુઓની કરપીણ કત્લેઆણ અને વ્યાપક હિજરત પછી પણ કેટલાક હિંદુ પરિવારોએ વહાલું વતન છોડવાનું પસંદ નહોતું કર્યું. એમની સાથે દુર્વ્યવહાર ન થાય અને બેઉ પાડોશી રાષ્ટ્રો સંપીને રહે એવું ગાંધીજીનું સપનું ગોડસેની પિસ્તોલે ચકનાચૂર કરી નાખ્યું હતું. પાકિસ્તાને એના ઈસ્લામિક એજન્ડા મુજબ ભૂમિના ભવ્ય ઈતિહાસને પણ કબરમાં દફનાવી દેવાનો નિર્ણય કર્યો હતો. નહીંતર અખંડ ભારતના ઐતિહાસિક પ્રદેશ તરીકે અને તક્ષશિલા જેવી પ્રાચીન યુનિવર્સિટીના નામે એ ગૌરવ લઈ શકે એમ હતું. ભારતીય પુરાતત્ત્વવિદ રાખાલદાસ બેનરજીએ હડપ્પા અને મોહેન જો ડેરોના ઉત્ખન્ન પછી દુનિયા સમક્ષ વિશ્વની પ્રાચીનત્તમ સંસ્કૃતિઓ પૈકીની એક એવી દ્રવિડ સંસ્કૃતિના પ્રદેશ તરીકે એ ભૂમિને વૈશ્વિક ઓળખ અપાવી હતી. પાકિસ્તાનના શાસકો અને ધર્માંધ તંત્રવાહકો માટે આવી સાંસ્કૃતિક ઓળખ કરતાં એમની ઈસ્લામિક ઓળખ વધુ મહત્વની હતી. પરિણામે ભારતમાં મળી આવેલ લોથલ કે ધોળાવીરાનો જે મહિમા આપણા દેશમાં થયો અને વિશ્વની પ્રથમ યુનિવર્સિટી તરીકે નાલંદાની પ્રસ્થાપના થઈ એવું કશું પાકિસ્તાને એની ધરોહર માટે નથી કર્યું. છાશવારે લઘુમતી સમાજ પર અત્યાચારો થતા રહે છે. બળજબરીપૂર્વક હિંદુ પરિવારની બહેન દીકરીઓને મુસ્લિમો સાથે પરણવાની ફરજ પડાય છે અને એનો વિરોધ કરનાર પરિવારો પર અમાનુષી ત્રાસ ગુજારાય છે. પાકિસ્તાનમાં પણ માનવ અધઈકારોની ચિંતા કરનારો એક નાનકડો બૌદ્ધિક સમુદાય છે જે અવારનવાર આવી બાબતો વિરુદ્ધ અવાજ ઉઠાવતો રહે છે. દુનિયા આખી જાણે છે કે આર્થિક રીતે સાવ જ ભાંગી પડેલું પાકિસ્તાન આતંકવાદનું વૈશ્વિક એપીસેન્ટર છે. અહીંથી આતંકવાદની નિકાસ થાય છે જે પાડોશી ભારતથી લઈ દુનિયાના અનેક દેશો સુધી વિસ્તરે છે. હમણાં પાકિસ્તાનના હિંદુ લઘુમતી સમુદાય અને તેના ધાર્મિક સ્થળોની અવદશાનો અહેવાલ જાહેર થયો છે. પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટ દ્વારા આ સંદર્ભે ડૉ. શૉએલ સુડાલના અધ્યક્ષપદે એક પંચ નીમ્યું હતું. જેને કટાસરાજ અને પ્રહલાદ મંદિરની મુલાકાત લીધી હતી. હિંદુઓના આસ્થા કેન્દ્રો પાકિસ્તાની ભૂમાફિયાઓના નિશાના પર હોવાનો ખુલાસો કરતા આ રિપોર્ટ પછી પણ ત્યાંની સરકાર એમની રાખ રખાવત પરત્વે ધ્યાન આપે એ વાતમાં માલ નથી. દેખાવ ખાતર શીખ ગુરુદ્વારાના દર્શન માટે રસ્તો ખોલનાર પાક સરકાર આ મુદ્દે તદ્દન બેદરકાર છે અને આવનારાં વર્ષો દરમિયાન પાકિસ્તાનમાં આવેલા હિંદુ મંદિરો અપૂજ બની ખંડેરોમાં પરિવર્તિત થઈ જાય એવી પૂરી શક્યતા છે. એકાવન શક્તિપીઠો પૈકીની એક હિંગળાજ શક્તિપીઠ પણ પાકિસ્તાનમાં છે. પરંતુ ધર્માંધ શાસન માટે હિંદુ-શીખ કે ખ્રિસ્તી ધર્મસ્થાનો તો કાફરોના અડ્ડા છે. ભારત સરકાર આ મુદ્દે કશું જ કરી શકતી નથી તે કેવી વિડંબના છે! જો કે ભારત સરકાર ખુદ પોતાના ભવ્ય વારસા જેવા યુદ્ધ જહાજ આઈએનએસ વિરાટને ભંગારવાડે મોકલી શકતી હોય તો દુશ્મન રાષ્ટ્રનાં મંદિરો કે સાંસ્કૃતિક વિરાસતના સંરક્ષણની તો એની પાસે અપેક્ષા જ વધારે પડતી લેખાશે ! સત્તાધીશો સત્તા માટે જીવ છે, સંસ્કૃતિ માટે નહીં!

બે મિત્રોની પાંચમ

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

મહાસુદ પાંચમ વસંત પંચમી છે; તેમ મદનપંચમી પણ છે. વસંત અને કામદેવ - બે મિત્રોય જન કલ્યાણ હોય. એટલે સહયોગ પાર પાડે. વસંત પ્રકૃતિમાં વાતાવરણ મનમોહક બનાવે, પછી કામદેવ પોતાનું પ્રયોજન સાધે.

દેવોની સભા મળી. સભાપતિ દેવરાજ ઈન્દ્ર હતા. સભામાં કામદેવ હાજર હતો. ઈન્દ્રે કામદેવને કહ્યું - 'મારે તારી જરૂર પડી છે. અસુર તારકનો ત્રાસ અતિશય વધી ગયો છે. શિવ અને પાર્વતીના વિવાદ થાય, એ જરૂરી છે. એમનો પુત્ર તારકને મારશે, એવું ભાવિનું વિધાન છે. અવિવાહિત શિવ યોગ સમાધિમાં તપસ્યામાં બેઠા છે. પાર્વતી દરરોજ એની પૂજા કરવા જાય છે. એ શિવજીને વરવા ઈચ્છે છે. હવેનું કામ તારું છે. શિવ પાર્વતી તરફ મોહિત થાય; એ તારે કરવાનું છે.' કામદેવે વિશ્વાસ વ્યક્ત કર્યો. પ્રમાણ કર્યા અને વિદાય લીધી.

વસંતનું તો નામ જ છે 'કામસખા'. કામદેવને એના વગર ન ચાલે. બંને મિત્રો શિવજીના તપોવનમાં આવ્યા. વસંતને કારણે વનશ્રી એકદમ ખીલી ઊઠી. વાતાવરણ મનમોહક થઈ ગયું. પશુ-પક્ષીઓ ઉપર એનો પ્રભાવ પડ્યો. ભ્રમર, ભ્રમરીને અનુસરે અને પછી બંને એક જ પુષ્પમાંથી રસ પીવે. શિવ જયાં સમાધિમાં હતા, ત્યાં ડાબી બાજુએ વૃક્ષની ડાળી ઉપર કામદેવે આસન લઈ લીધું અને એને શરસન્ધાન કરી રાખ્યું. એને ખબર હતી - 'હમણાં પાર્વતી આવશે.'

નિત્યક્રમ પ્રમાણે, પાર્વતી તપોવનમાં આવી. એણે શિવજીની પૂજા સંપન્ન કરી. કોણ જાણે કેમ આજે સમાધિમાંથી બહાર આવ્યા. એણે પોતાની દૃષ્ટિ પાર્વતી પર સ્થિર કરી. કામદેવે પુષ્પ બાણ રમતું મૂક્યું. શિવજીએ પ્રથમ વાર હૃદયમાં પાર્વતી માટે વિકાર અનુભવ્યો. પરંતુ તરત જ એણે સ્થિરતા મેળવી લીધી. 'પોતાને આ શું થયું? અને કેમ થયું ?' એવો વિચાર આવ્યો. એણે જોયું કે વનની શોભા વધી ગઈ છે. એણે જોયું - 'શાખા ઉપર કામદેવ બેઠો છે.' એને રોષ થયો. ત્રીજું નેત્ર ખોલ્યું. એમાંથી અગ્નિ નિકળ્યો. ઉપરથી રાખનો ઢગલો નીચે પડ્યો. કામદેવ ભસ્મીભૂત થઈ ગયો. શિવ જગ્યા છોડીને જતા રહ્યા. હતપ્રભ પાર્તવીએ વિદાય લીધી.

કામદેવની પત્ની રતિ બેભાન થઈ ગઈ. અને અસહ્ય વિલાપ કરવા લાગી. ત્યાં એણે આકાશવાણી સાંભળી - 'અત્યારે એ અનંગ છે. શિવપાર્વતીના વિવાહ થશે, ત્યારે એ યથાવત્ પુનર્જીવિત થશે અને તમારું મિલન થશે.' રતિને આશ્વાસન મળ્યું. એણે વસ્ત્રના છેડામાં કામદેવની ભસ્મ લીધી અને એની પોટલી વાળી રાખી.

પાર્વતીએ તપસ્યાથી શિવનું હૃદય જીતી લીધું. એ બંનેના વિવાહ થયા. એ વખતે રતિ ઉપસ્થિત થઈ. શિવને પ્રણામ કર્યા. પોટલી ખોલીને ભસ્મ બતાવી. શિવજી સમજી ગયા. ભસ્મ ઉપર દૃષ્ટિ નાખી. એટલે કામદેવ પુનર્જીવિત થઈ ગયો.

કામ અને રતિ સાથે શિવને પ્રણામ કર્યા.

માનવ શરીરનું સૌથી લાંબુ અને મજબૂત હાડકું કયું છે?

ખજાનો
અનિલ પટેલ

સામાન્ય વિજ્ઞાન

૧ કયા છોડનાં ફળ જમીનની નીચે મળે છે ?
(અ) ગાજર (બ) મગફળી
(ક) ડુંગળી (ડ) બટાટા

૨ માનવ શરીરનું સૌથી લાંબુ અને મજબૂત હાડકું કયું છે ?
(અ) જડબાનું (બ) ખોપરીનું
(ક) સાથળનું (ડ) પગના પંજાનું

૩ માણસના મૃત્યુબાદ આંખનું દાન કેટલા સમયમાં કરી શકાય છે ?
(અ) ૨૪ કલાકમાં (બ) ૧૮ કલાકમાં
(ક) ૧૨ કલાકમાં (ડ) ૬ કલાકમાં

૪ સૂર્યપ્રકાશને કેન્દ્રીય કરવા કયા લેન્સનો ઉપયોગ થાય છે?
(અ) બહિર્ગોળ લેન્સ (બ) અંતર્ગોળ લેન્સ
(ક) સપાટ કાચ (ડ) બહિર્ગોળ અરીસો

૫ પ્લેગ કોના દ્વારા ફેલાય છે ?
(અ) વાઈરસ દ્વારા (બ) બેકટેરીયા દ્વારા
(ક) કૃમિ દ્વારા (ડ) પ્રોટીનોઆ દ્વારા

૬ નીચેનામાંથી શેમાં વિટામીન - એનું પ્રમાણ વધુ હોય છે ?
(અ) નારિયેળ (બ) કેરી
(ક) ગાજર (ડ) સફરજન

૭ નીચેનામાંથી કયા વાયુનો સમાવેશ ગ્રીન હાઉસ ગેસમાં થતો નથી ?
(અ) કાર્બન ડાયોકસાઈટ (બ) કલોરીન
(ક) મિથેન (ડ) નાઈટ્રોજન

૮ કયા તત્વની ઉણપને કારણે એનિમિયાથી પીડાય છે ?
(અ) લોહ (બ) આયોડીન
(ક) કેલ્શિયમ (ડ) પોટેશિયમ

૯ નીચેનામાંથી બિન પરંપરાગત ઉર્જા સ્ત્રોત કયા છે ?
(અ) પવન (બ) ખનીજ કોલસો
(ક) કુદરતી ગેસ (ડ) પેટ્રોલિયમ

૧૦ સોલાર સેલની બનાવટમાં કઈ ધાતુનો ઉપયોગ વધુ થાય છે ?
(અ) જર્મેનિયમ (બ) કોપર
(ક) એલ્યુમિનિયમ (ડ) સિલિકોન

૧૧ નીચેનામાંથી કયો વાયુ ચૂનાના પાણીને દૂધિયું બનાવે છે ?
(અ) ઓક્સિજન (બ) નાઈટ્રોજન
(ક) કાર્બન ડાયોકસાઈડ (ડ) સલ્ફર ડાયોકસાઈટ

૧૨ વાયરોલોજી એ કોનું વિજ્ઞાન છે ?
(અ) બેકટેરિયા (બ) વાયરસ
(ક) પ્રોટોઝોઆ (ડ) કેન્સર

૧૩ છોડ દ્વારા ભોજન બનાવવાની પ્રક્રિયાને શું કહે છે ?
(અ) શ્વસન (બ) કેશાકર્ષણ
(ક) રસાકર્ષણ (ડ) પ્રકાશસંશ્લેષણ

૧૪ દ્રાક્ષમાં કયો એસિડ હોય છે ?
(અ) ફોલીક એસિડ (બ) સાઈટ્રીક એસિડ
(ક) આયોડિક એસિડ (ડ) ફોર્મિક એસિડ

૧૫ ફલોરોસિસ નામનો રોગ શરીરના કયા અંગને થાય છે?
(અ) આંખ (બ) ત્વચા
(ક) દાંત (ડ) કિડની

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- ૧૨ ફેબ્રુઆરી :સર્વોદય દિન તથા ઉત્પાદકતા દિન
  - સ્વાતંત્ર્યવીર નાના સાહેબ ફડનવીસનું નિધન (૧૯૪૨)
  - અબ્રાહ્મ લિંકનનો વર્જિનિયામાં જન્મ (૧૮૦૯)
  - ઉર્દૂ શાયર અપાદુલ્લાખાં મીરઝા ગાલિબનું નિધન (૧૮૬૯)
  - ઉત્ક્રાંતિના સિદ્ધાંતના પ્રણેતા ચાર્લ્સ ડાર્વિનનો જન્મ દિવસ (૧૮૦૯)
- ૧૩ ફેબ્રુઆરી :
  - પ્રસિદ્ધ જગન્નાથ મંદિરમાં હરિજનોનો પ્રવેશ અપાયો (૧૯૪૭)
  - હિન્દા 'બુલબુલ'થી જાણીતા સરોજની નાયડુનો જન્મદિવસ (૧૮૭૯)
  - અમેરિકન આર્ટીસ્ટ ગ્રાન્ટ વુડનો જન્મદિવસ (૧૮૯૧)
  - સ્કોટલેન્ડની પાર્લામેન્ટે વાઈલ્ડ મેમલ્સ પ્રોડકશન એક્ટ પસાર કર્યો (૨૦૦૨)
- ૧૪ ફેબ્રુઆરી : વેલેન્ટાઈન ડે
  - દ. આફ્રિકાના પ્રેસિડેન્ટ ઝેકોબ ઝુમાએ ભ્રષ્ટાચારના આરોગ બદલ રાજીનામું આપ્યું (૨૦૧૮)
  - અર્થશાસ્ત્રી યોગેન્દ્ર કે અલઘનો જન્મદિવિસ (૧૯૩૯)
  - ENIAC નામનું પ્રથમ જનરલ પરપઝ માટેનું હાઈ સ્પીડ કમ્પ્યુટરનું નિદર્શન કરાયું (૧૯૪૬)
  - એલેકઝાન્ડર ગ્રેહામ બેલે ટેલિફોનની પેટન્ટ રજીસ્ટર્ડ કરાવી (૧૮૭૬)
- ૧૫ ફેબ્રુઆરી :
  - ઈસરોએ ૧૦૪ સેટેલાઈન એક સાથે છોડ્યા (૨૦૧૭)
  - યુએસએસ માઈન અમેરિકન - સ્પેનિશ યુદ્ધ દરમિયાન નાશ પામ્યું (૧૮૯૮)
  - ઈટાલિયન ફિલોસોફર, ખગોળશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રી ગેલેલિયોનો જન્મદિવસ (૧૫૬૪)
  - મિથાલિ ગોર્બાચોવના આદેશ મુજબ સોવિયેટ યુનિયન લશ્કર સંપૂર્ણપણે અફઘાનિસ્તાનમાંથી નીકળી ગયું (૧૯૭૯)
- ૧૬ ફેબ્રુઆરી :
  - વિચક્ષણ રાજ અમલદાર સાધુ પુરુષ - પ્રભાશંકર પટ્ટણીનું નિધન (૧૯૩૮)
  - ઉત્તર કોરિયાના પોલીટીકલ લીડર કિમ જોંગ-૧૧નો જન્મદિવસ (૧૯૪૧)
  - ગ્લોબલ વોર્મિંગ સંદર્ભે ક્યોટો પ્રોટોકોલ લાગુ કરાયો (૨૦૦૫)
  - વોલ્સ હ્યુમ કેરોયર્સ નામના રસાયણ વૈજ્ઞાનિકે નાયલોનનું પેટન્ટ કરાવ્યું (૧૯૩૭)
- ૧૭ ફેબ્રુઆરી :
  - ગોધરાકાંડના તપાસ પંચના અધ્યક્ષ જી.ટી. નાણાંવટીનો જન્મદિવસ (૧૯૩૫)
  - અમેરિકન મોડેલ, સિંગર અને એક્ટ્રેસ પેરિસ હિલ્ટનનો જન્મદિવસ (૧૯૮૧)
  - દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન અબ્રાહ્મ બેન્ઝામીન ડી વિલિયર્સનો જન્મદિવસ (૧૯૮૪)
  - સાન ફ્રાન્સિસ્કોમાં દુનિયાનું પ્રથમ ટેલિફોન એક્સચેન્જ શરૂ થયું (૧૮૭૮)
- ૧૮ ફેબ્રુઆરી :
  - કલાયડે થોમ્બુગે પ્લુટો ગ્રહની શોધ કરી (૧૯૩૦)
  - અમેરિકન ઓર્થર ટોની મોરીસનનો જન્મદિવસ (૧૯૩૧)
  - માર્ટીન લ્યુથર કિંગનું અવસાન (૧૯૫૬)
  - સમાજ સુધારક ચૈતન્ય મહાપ્રભુજીનો જન્મદિવસ (૧૪૮૬)

ગયા સપ્તાહના સવાલનો જવાબ

અરુણાચલ પ્રદેશના ગવર્નર તરીકે કોણ સેવા આપી રહ્યા છે ? જવાબ : બી.ડી. મિશ્રા

સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો.જુ.સા.કૉલેજ (૪) નટુભાઈ દરજી : પેથાપુર (૫) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૬) શિવાંગ બી પટેલ : સરગાસણ (૭) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪ (૮) મીત પી પટેલ : સે-૨૩ (૯) પરાગ એચ પટેલ : સે-૨૯ (૧૦) વાસુ ડી દવે : સે-૧૯

આ સપ્તાહનો સવાલ

લોકપ્રિય કિસાન નેતા મહેન્દ્રસિંહ ટિકૈતનું અવસાન કયારે થયું ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

(ઈલેકશન કા) મૌસમ બડા બેઈમાન હૈ... ...ને ત્યારે સાલુ લાગી આવે !!

હળવે હૈયે
પ્રકાશ લાલા

'અલ્યા, આજે ભુટ્ટા આવા કેમ છે? બીજા સારા નથી?'

'ના, માસી... આજ છે. ને આમેય હવે ભુટ્ટાની સીઝન પૂરી થવામાં છે !'

'તો હવે શેની સીઝન આવશે ?'

સોસાયટીમાં આવેલા શાકભાજીવાળા સાથેના સંવાદમાં બહેને કરેલા પ્રશ્નનો જવાબમાં શાકભાજીવાળો કંઈ બોલે એ પહેલાં તો અમારે ઓટલે, અમારી જોડે જામી પડેલા લાલાકાકાએ કહી દીધું :

'હવે ચૂંટણીની સીઝન આવશે. કહોને કે ચૂંટણીની સીઝન આવી જ ગઈ છે!!'

'હેં ?' સાંભળીને પેલાં બહેન ચમક્યાં...

'હા, હોં, કાકા... તમારી વાત સાચી છે... મનપા, તાલુકા - જિલ્લા પંચાયતો એમ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓની સીઝન બરાબરની જમી છે હાલ...'

'એ તો હમણાં પનુભાઈ, બાકી આટલા મોટા દેશમાં કોઈને કોઈ ચૂંટમીની સીઝન બારે મહિના ચાલુ જેવી જ હોય છે ને!' કયારે કોઈક રાજયમાં વિધાનસભાની, તો કયારેક રાજયસભાની, લોકસભાની, સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની પ્રક્રિયા જોવા - સાંભળવા નથી મળતી ? કશું ના હોય તો ખાલી પડેલી કે કોક પક્ષમાંથી ધારાસભ્યને ખેંચી લાવીને ખાલી કરાવાયેલી બેઠકની પેટાચૂંટણી હોય... કશું નહીં તો શિક્ષક સંઘની, દૂધમંડળીની, યુનિયનોની ચૂંટણીઓના ચકરાવા ચાલ્યા જ કરતા હોય છે ને ? અરે પનુભાઈ, હમણાં હમણાંથી તો જે રાજયમાં છ-બાર મહિના પછી ઈલેકશન થવાનું હોય ત્યાં ય અત્યારથી જ રોડ શો, શક્તિ પ્રદર્શન રેલીઓ, ચાપ પે ચર્ચા જેવા કાર્યક્રમો ચાલુ કરી દઈ ચૂંટણીનો પડઘમ એડવાન્સમાં વગાડી એ રીતે ચૂંટણીની મૌસમ ખીલેલી ને જામેલી રાખવાનો ય ટ્રેન્ડ જોવા મળે છે !!

'હા, હોં અંકલ.'

'ને ચૂંટણીઓ આવી નથી કે સત્તાધારી પક્ષ, વિપક્ષો, અપક્ષો, નાના-મોટા ફૂટી નીકળેલા કાર્યકરો એ બધાની ગાડી 'ટોપ ગિયર'માં પડી જ સમજો. અરે, રાજકીય પક્ષો તો સમજ્યા પણ લોકો ય ચૂંટણી ટાણે સરકારનું 'નાક દબાવી મોં ખોલાવવા' મેદાનમાં કયાં નથી ઉતરી પડતા, હેં !

'સાવ સાચું કહ્યું... પણ કાકા, આજકાલ પેપરોમાં સમાચાર વાંચીને મારું હૃદય ગદ્ ગદ થઈ જાય છે...'

'શું ? અલ્યા ભી, એવા કયા સમાચારની વાત કરો છો તમે ?'

'ટિકિટ મેળવવા અને ઉમેદવારી પત્રો માટે થઈ રહેલી પડાપડીના સમાચારો સ્તો!'

'એમાં ગદગદિત તમે શું કામ થઈ જાવ છો, પનુભાઈ ?'

'અંકલ, આ ઉત્સાહ બનાવી રહેલા લોકોની પ્રજાની સેવા કરવાની ભાવના - તત્પરતા - ઉમળકો જોઈને હૃદય દ્રવી ઉઠે છે !' અને કહ્યું.

'પનુભાઈ, તમેય એમના જેવું નાટક ના કરો, જેમ તમે ભોળા ભટાક હોવાનું નાટક કરો છો... એમ ચૂંટણી લડવા ઉત્સુક ને ધડાધડી - પડાપડી કરનારાઓનું પણ સમાજસેવા - જન સેવાનું નાટક હોય છે... એમનું લક્ષ્ય તો પદ, પ્રતિષ્ઠા, પાવર ને પૈસા જ હોય છે, સમજ્યા !

'એવું તો હોતું હશે, અંકલ ?'

'અભણ ગામડિયો ય જાણે છે હવે આ. ના, ના.... એમ ને એમ સહકારી મંડળીથી લઈ, લોકસભાની ચૂંટણી હોય, સાઈકલ પર ફરનારા જીત્યા પછી સ્કૂટર, મોટર, લકઝરી કાર ને પ્લોટ - બંગલા સુધીનો વિકાસ સાધતા હોય છે...હા, બધે હોય એમ આમાં ય અપવાદરુપ સારા - સાચા પ્રજાસેવકો હોય છે, એની ના નહીં.'

'અંકલ, એ તો રહેવાનું... કેમ કે કહ્યું છે ને કે 'જે કરે સેવા, એ ખાય મેવા!'

'એની ના નથી.... પણ જયારે સેવા સાઈડમાં ધકેલાઈ જાય અને મેવા મેઈન થઈ જાય ત્યારે સાલું લાગી આવે !'

'એ તો છે જ... પણ ચારેકોર 'લાવ, લાવ'ને 'મારું - મારું' જ ચાલ્યું છે ત્યાં શું થઈ શકે ?

'પનુભાઈ, આપણે ત્યાં હવે ચૂંટણી એટલે વાયદાનો વેપાર, વચનોની લહાણ, હથેલીમાં ચાંદ બતાવવાની અને પરસ્પર સારી ભાષામાં ગાળાગાળીની, પરસ્પર ચીરહરણની, લે-વેચને ખેંચાખેંચીની મારી લીટી મોટી બતાવવા બીજાની લીટી નાની કરી નાખવાની સીઝન.'

'કડવી પણ વાસ્તવિક વાત કહી છે. તમે અંકલ...'

'તો પછી પનુભાઈ, ચૂંટણી એટલે શું વિશેની કાવ્ય પંક્તિઓ ય સાંભળો...'

'એટલે અંકલ, તમે કવિતા કરવાનું ય શરૂ કર્યું છે?' અમે થોડા આશ્ચર્ય અને વધુ ગભરાટથી પૂછ્યું.

'ના હવે... કોઈકે લખેલું સંભળાવું છું... સાંભળો :

'ચૂંટણીનો ખેલ નિરાળો ભૈ....
ખુરશી તો વસ્તુ જ એવી ભૈ....
વર મરો, કન્યા મરો પણ

અનુસંધાન પાના નં. ૭ પર